અનુસૂચિત જનજાતિના ગરીબી રેખા નીચે
જીવતા( B.P.L.) કુટુંબોને "યુનિવર્સલ
હેલ્થ વીમા યોજના" નો લાભ આપવા અંગે.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૦૭-યુઓ- ૯૭-ઘ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : - 4 OCT 2007

વંચાણે લીધા : (૧) આ.વિ.વિ.ના તા.૨૮/૧/૯૮ના ઠરાવ ક્રમાંક : ટીએસપી-૨૦૯૭-૧૭૫-ઘ

(૨) ભારત સરકારના આદિજાતિ કલ્યાણ મંત્રાલયના તા.૧૯/૧૦/૦૪ના પત્ર ક્રમાંક : F.No. ૨૨૦૪૦-૧૦-૨૦૦૪-એનજીઓ(પીટીજી)

(૩) કમિશનરશ્રી(આ.વિ.)ના તા.૧૫/૯/૦૭ના પત્ર ક્રમાંક - ટીડી-એજીએન-ઇએનએસ-૨૦૦૭-૧૨૮૭

ઠ રા વ ::

આમુખ ક્રમાંક (૧) માં જણાવેલા તા.૨૮/૧/૯૮ના ઠરાવથી અનુસૂચિત જનજાતિના આર્થિક રીતે નબળા લોકોને ગંભીર બિમારીમાં સહાય આપવામાં આવે છે તેમજ આમુખ ક્રમાંક (૨)માં જણાવેલા ભારત સરકારના તા.૧૯/૧૦/૦૪ના પત્રથી અનુસૂચિત જનજાતિના આદિમજૂથના ગરીબી રેખા નીચે જીવતા લોકો માટે ભારતીય જીવન નિગમ મારફત "જનશ્રી વીમા યોજના" શરૂ કરવામાં આવી છે. ઉપર્યુકત બંને યોજના દ્વારા અનુસૂચિત જનજાતિના અતિ પછાત લોકોને જ મર્યાદિત પ્રમાણમાં સહાય આપવામાં આવે છે.અનુસૂચિત જનજાતિના ગરીબી રેખા નીચે જીવતા(B.P.L.) કુટુંબના કમાનાર વ્યકિતના ઓચિંતા અવસાન સમયે અને કુટુંબના સભ્યોને બિમારી વખતે સારવાર / દવા અંગેના ખર્ચમાં સહાયરૂપ થવા અંગેની બાબત વિભાગની સક્રિય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે અનુસૂચિત જનજાતિના ગરીબી રેખા હેઠળ ( B.P.L.) જીવતા કુટુંબોને યુનાઇટેડ ઇન્ડીયા ઇન્સ્યોરન્સ કંપની લિમિટેડની " સંપતિ અને સ્વાસ્થ્ય સુરક્ષા પોલીસી" (SSSP) યોજના હેઠળ સહાય આપવાની બાબતને આથી મંજૂરી આપવામાં આવે છે.

૨. આ યોજના હેઠળ લાભાર્થીને નીચે મુજબ સહાય આપવામાં આવશે.

(અ) કુટુંબની મુખ્ય કમાતી વ્યકિતનું આકસ્મિક મૃત્યુ થવાથી રૂા.૨૫,૦૦૦/- નું સુરક્ષા કવચ.

(બ) માંદગી કે અકસ્માત થવાથી હોસ્પીટલમાં દાખલ થયેથી રૂા.૩૦,૦૦૦/- સુધી કવચ, જેમાં સમગ્ર કુટુંબમાંથી કોઇ પણ સભ્ય હોસ્પીટલમાં દાખલ થાય તો પણ દાવા માટે હકકદાર રહેશે. એક માંદગીદીઠ, વ્યકિતદીઠ, મહત્તમ રૂા.૧૫,૦૦૦/- સહાય આપવામાં આવશે.

(ક) કુટુંબની મુખ્ય કમાતી વ્યક્તિ હોસ્પીટલમાં દાખલ થયે ચોથા દિવસથી ૧૫ દિવસ સુધી પ્રતિદિન રૂા.૫૦/- વળતર ચૂકવવાનો રહેશે.

(ડ) ઘરવખરીને નુકસાન થતા રૂપિયા ૩૦,૦૦૦/- નો વીમો.

૩. યુનિવર્સલ હેલ્થ વીમા યોજના હેઠળ નીચે મુજબ વાર્ષિક પ્રિમીયમ ભરવાનું રહેશે.

| ક્રમ | કુટુંબની સભ્ય સંખ્યા | પ્રિમીયમ | સબસીડી | નેટ પ્રિમીયમ |
|---|---|---|---|---|
| ૧. | એક વ્યક્તિ | ૩૬૫ | ૨૦૦ | ૧૬૫ |
| ૨. | પાંચ વ્યક્તિ | ૫૪૮ | ૩૦૦ | ૨૪૮ |
| ૩. | સાત વ્યક્તિ | ૭૩૦ | ૪૦૦ | ૩૩૦ |

૪. ભારત સરકાર દ્વારા યુનિવર્સલ હેલ્થ વીમા યોજના હેઠળ બી.પી.એલ. કુટુંબોને ઉપર દર્શાવ્યા દર મુજબ સબસીડી મળશે.

૫. કમિશનરશ્રી(આ.વિ.), બિરસા મુંડા ભવન, ગાંધીનગર વીમા કંપની સાથે શરતો અને બોલીઓ અંગે કરાર કરી યોજનાનો અમલ કરવાનો રહેશે.

૬. આ યોજના આગામી નાણાકીય વર્ષમાં ચાલુ રાખવા નવી બાબત રજૂ કરી મંજૂરી મેળવવાની રહેશે.

૭. આ યોજનાનો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૦૭-૦૮ની માગણી ક્રમાંક-૯૫, ગુજરાત પેટર્નના અલગ-અલગ સદરો હેઠળ થયેલી જોગવાઇમાંથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**( જ્યોતિ કે. પટેલ )**
**નાયબ સચિવ**
**આદિજાતિ વિકાસ વિભાગ**

**પ્રતિ**

- મહામહિમ રાજ્યપાલશ્રીના અંગતસચિવશ્રી
- માન.મંત્રીશ્રી(આ.ક.)ના અંગત સચિવશ્રી
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.ક.)ના અંગત સચિવશ્રી
- માન.મંત્રીશ્રી(આરોગ્ય અને પરિવાર)ના અંગત સચિવશ્રી
- સચિવશ્રી(આ.વિ.વિ.), સચિવાલય, ગાંધીનગરના અંગત સચિવશ્રી
- નાયબ સચિવશ્રી(સેવા),આ.વિ.વિ.,સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી(આ.વિ.), બિરસા મુંડા ભવન, સેકટર-૧૦-એ, ગાંધીનગર.
- સર્વે પ્રાયોજના વહીવટદારશ્રીઓ
- સર્વે તકેદારી અધિકારીશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ
- સિલેકટ ફાઇલ.

KMM-Pa2DS-4-10-07